# સુરત મહાનગરપાલિકા
(Visit us at www.suratmunicipal.gov.in)
## જા હે ર ા ત

સુરત મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ખાલી રહેલ જગ્યા માટે તા.૧૭/૧૦/૨૦૧૮ સુધીમાં પહોંચે તે રીતે નિયત લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં અરજીઓ પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર મંગાવવામાં આવે છે.

| 1. | (145) Food Analyst (Post - 01) (General-01) |
|---|---|
| Qualification | Holds a Master's degree in Chemistry or Biochemistry or microbiology or Dairy Chemistry or Food Technology, Food and Nutrition or holds Bechelor of Technology in Dairy / Oil or holds degree in Veterinary Sciences from a University established in India by Law or is an associate of the Institution of Chemists (India) by examination in the section of Food Analysis conducted by the Institution of Chemists (India) or any other equivalent qualification recognized and notified by the Central Government for such purposes and has not less than three years experience in the analysis of food :<br><br>The candidate must be declared qualified for appointment as a food Analyst by a board appointed and notified by the Authority<br><br>A person appointed as Food Analyst shall undergo all specialized training programmers specified by the Food authority periodically<br><br>A procedure for government notification will be conducted for the selected candidate by the Municipal Corporation authority after his appointment |
| Pay Scale | Rs. 8000-13500/- (Pay Band 15600-39100, Grade Pay 5400)<br>(Pay Matrix 56100-177500) |
| Age Limit | Not more than 35 years. |

| | |
|---|---|
| સૂચના :– | **ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ સૂચના ધ્યાને લઈને જ અરજી ફોર્મ ભરવાનું રહેશે, અધૂરી માહિતીવાળુ તેમજ છેકછાકવાળુ ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ઉમેદવારે અરજી ફોર્મ જમા કરાવ્યા બાદ પાછળથી રજુ કરેલ કોઈપણ જાતના પ્રમાણપત્ર, પુરાવાઓ ગ્રાહય રાખવામાં આવશે નહીં.** |

**<u>નોંધઃ–</u>**(૧) ઉપરોકત જગ્યા માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી તથા તેના ધ્વારા નિયત કરવામાં આવેલ સ્ટાફ સિલેકશન કમિટી ધ્વારા બેઝીક લાયકાત, રીટર્ન ટેસ્ટ, પ્રેકટીકલ ટેસ્ટ તેમજ ઓરલ ટેસ્ટના દેખાવના આધારે જે તે જગ્યા માટે માપદંડ નકકી કરાશે તે પ્રમાણે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૨) ઉપરોકત જગ્યા માટેના ઉમેદવારોએ નિયત કરવામાં આવે તે પરીક્ષા માટે જે જગ્યા સૂચવવામાં આવે તે જગ્યાએ પોતાના ખર્ચે પહોંચવાનું રહેશે.

(૩) ઉંમર અને અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણતરીમાં લેવામાં આવશે. સુરત મહાનગરપાલિકામાં રેગ્યુલર પગારધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓને આ વયમર્યાદા લાગુ પડશે નહીં.

(૪) ઉમેદવારે CCC+ પરીક્ષા માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૬૭/૨૦૦૮ તા. ૨૪–૦૩–૨૦૦૮ થી

નિયત કર્યા મુજબની સંસ્થા ધ્વારા નિમણુંક થયેથી ૧(એક) વર્ષમાં પાસ કરવાની રહેશે. જેઓએ અગાઉથી આ પરીક્ષા પાસ કરી હોય અથવા સુરત મહાનગર પાલિકા ધ્વારા આપવામાં આવેલ ટ્રેનીંગ લીધી હોય તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ–૧૦૨૦૦૫–૧૫૩૨– પાર્ટ–૩–ક, તા.૦૧/૦૪/૨૦૧૭ અનુસારની કોમ્પ્યુટર કક્ષાની વિવિધ લાયકાત ધરાવતા હોય તો તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબના પ્રમાણિત કરેલ પુરાવાઓ સામેલ કરવાના રહેશે.

(૧) ઉંમરના પુરાવા માટે જન્મનો દાખલો, શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા માઘ્યમિક/ઉચ્ચતર માઘ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા અપાયેલ પ્રમાણપત્ર.

(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર, ડીગ્રી સર્ટીફીકેટ, એટેમ્પ સર્ટીફીકેટ,રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ.

(૩) જાતિ અંગેના પુરાવા માટે ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.

(૪) ઉમેદવાર જો વિકલાંગ હોય તો વિકલાંગતા અંગેનું સિવિલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) નિયત અનુભવનું પ્રમાણપત્ર.

(૬) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી, અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ન વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૭) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી જે કોઈ પરીક્ષા પાસ કરી હોય તો પરવાનગી હુકમની નકલ બીડવી.

(૮) EPIC કાર્ડ, આધારકાર્ડ તથા પાનકાર્ડની નકલ.

(૬) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ ધ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઈ શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાની રહેશે. જયારે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગત મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગે મેળવવાની રહેશે.

(૭) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશયકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૮) માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

(૯) મહિલા ઉમેદવાર જો અરજી કરતા સમયે પરણિત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે, મહિલા ઉમેદવાર પરણિત હોય પરંતુ મેરેજ સર્ટી, ગર્વમેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરણિત મહિલા ઉમેદવારે પિતાના નામ સાથેની અરજી કરવાની રહેશે. મહિલા ઉમેદવારને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાને પાત્ર રહેશે.

(૧૦) **<u>પ્રેકટીકલ, લેખિત, શારિરીક ક્ષમતા, મૌખિક, પરીક્ષા અંગેનો કાર્યક્રમ માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોને અલગથી પત્ર ધ્વારા જણાવવામાં આવશે.</u>**

(૧૧) નીચે દર્શાવેલ કારણોસર ઉમેદવાર(અરજદાર)ની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.(રદ થવાને પાત્ર રહેશે)

(૧) અરજીપત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજીપત્રકમાં ચોટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ)

(૨) અરજીપત્રકમાં માજી સૈનિકની કેટેગરી દર્શાવી હશે પરંતુ ફરજનો સમયગાળો બતાવેલ ન હોય.

(૩) અરજદારે અરજીપત્રકના કોલમ –૧૧ ની કેટેગરી પૈકી એકપણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એકથી વધુ કેટેગરી બતાવેલ હોય જેમ કે SC/ST બન્ને અથવા ST/SEBC કે SC/SEBC કે GEN/SC કે GEN/ST બતાવેલ હોય.

(૪) ઉપરોકત જગ્યાઓ માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલામો પ્રયાસ બતાવેલ ન હોય

(૫) અરજદારે અરજીપત્રકના કોલમ નં.૧૦ માં જન્મતારીખ બતાવી ન હોય, અધૂરી બતાવી હોય અથવા જન્મ તારીખમાં અવાસ્તવિક વર્ષ–માસ–દિવસ બતાવેલ હોય.

(૬) અરજદાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની ધરાવતા ન હોય.

(૭) અરજદાર અરજી સ્વીકારવાની છેવટની તારીખે જે તે કેટેગરી માટે જેમ કે સામાન્ય, SC, ST, PH, SEBC પુરૂષ/મહિલા મહતમ મળવાપાત્ર ઉપલી વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય.

(૮) નિયત મૂળ ફોર્મમાં અરજી કરી ન હોય.

(૯) મહિલા ઉમેદવારે પતિના નામ સાથેની અરજી કરેલ હોય પરંતુ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી કે ગર્વમેન્ટ ગેઝેટની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) અરજીમાં જણાવેલ તમામ વિગત માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવા સામેલ કરેલ ન હોય.

(૧૧) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી કોઈ પરીક્ષા પાસ કરી હોય અને પરવાનગી હુકમની નકલ સામેલ કરેલ ન હોય.

(૧૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી રદ કરવામાં આવશે.

ઉપરોકત જગ્યા માટેના અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ સુરત મહાનગરપાલિકાના તમામ સીટી સીવીક સેન્ટરો (નાગરીક સુવિધા કેન્દ્ર) ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ર–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં રૂા.૧૦૦/– ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો જ રૂા.૧૦૦/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

અરજી મોકલવાનું સરનામુ : – **ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.**

સહી/– એમ.થેન્નારસન

નં.પીઆર.ઓ./૩૬૩/૨૦૧૮–૨૦૧૯ **મ્યુનિ. કમિશ્નર,**

તા.૨૬/૦૯/૨૦૧૮. **સુરત મહાનગરપાલિકા.**